INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૩૦-૧૨-૨૦૨૪**

ભારતના ઈતિહાસમાં સૌથી ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાન આદરણીય ડૉ. મનમોહનસિંહજીના નિધન નિમિત્તે આયોજીત પ્રાર્થના સભામાં સર્વસમાજ તેમજ વિવિધ સામાજીક, ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ એસોસીએશન, તંત્રીશ્રી-પત્રકાર મિત્રો, રાજકીય પક્ષના પ્રતિનિધિશ્રીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ અને નગરજનોએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહજીને પ્રાર્થના સભામાં શ્રધ્ધાંજલી અર્પી હતી. ડૉ. મનમોહનસિંહજીની ચિરવિદાયથી સમગ્ર દેશભરમાં શોકનું મોજુ છવાયેલું છે. સજ્જન વ્યક્તિ, પ્રમાણિક વ્યક્તિત્વ અને અજાતશત્રુ એવા ડૉ. મનમોહનસિંહજીને પુષ્પાંજલી આપવા મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં હિંદુ, જૈન, બૌધ્ધ, ખ્રિસ્તી, મુસ્લીમ, શીખ અને બોચાસણ વાસી સ્વામીનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.), અને સ્વામીનારાયણ મંદીર વાસણા સંસ્થા સહિતના ધર્મ ગુરુઓ દ્વારા દિવંગત આત્મા માટે શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી. વિવિધ રાજકીય પક્ષમાં સીપીઆઈએમના રાષ્ટ્રીય કારોબારી સભ્યશ્રી અરૂણભાઈ મહેતા, સીપીઆઈના મહામંત્રીશ્રી રમેશ પરમાર, એનસીપીના મહામંત્રી ડૉ. જગદીશ દાફડા, પૂર્વ મંત્રી પ્રવિણસિંહ જાડેજા, સ્વૈચ્છિક સંગઠનના પર્યાવરણ વિદશ્રી મહેશ પંડ્યા, આર.ટી.ઈ. ફોર્મના મુજાહીદ નફીસ સહિત વિવિધ આગેવાનશ્રીઓ વિશેષ ઉપસ્થિત રહી શબ્દાંજલી દ્વારા દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

પ્રાર્થના સભામાં ડૉ. મનમોહનસિંહજીને પુષ્પાંજલી અર્પણ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મૃદુભાષી, સાદગીના પ્રતિક, શાલીન એવા ડૉ. મનમોહનસિંહજીએ ભારતને દુનિયાના નકશામાં સૌથી ઝડપી રીતે વિકસીત થઈ રહેલા અર્થતંત્ર તરીકે સ્થાન અપાવ્યું હતું. દેશના નાગરિકોને રાઈટ ટુ એજ્યુકેશન, રાઈટ ટુ ઈન્ફોર્મેશન, રાઈટ ટુ ફુડ (એન.એફ.એસ.એ.) સહિતના મહત્વના હક્ક, અધિકાર આપ્યાં. ભારતને પરમાણું કરાર દ્વારા વૈશ્વિક સ્તરે માન-સન્માન વધાર્યું, તેમણે લોકશાહીના ચોથા સ્તંભ એવા મીડીયાને સંપૂર્ણ સ્વતંત્રતા પુરી પાડી હતી. તેમણે વર્ષ ૨૦૧૪માં પ્રેસ કોન્ફરન્સ કરી મીડીયાના તીખા સવાલોના ખુબ શાલીનતાથી જવાબ આપ્યા હતા. જ્યારે જ્યારે તેમણે મળવાનું શક્ય બનતું હતું ત્યારે નાનામાં નાની વાત ધ્યાન પૂર્વક સાંભળીને માર્ગદર્શન આપતા હતા. સમાનતા, સફળતા ને સાદગીના પ્રતિક તેવા ભારતના અમૂલ્ય રત્નશ્રી ડૉ. મનમોહનસિંહજીને આપણે સદા માટે ગુમાવ્યા છે. તેઓ હંમેશા આપણી યાદોમાં ચિરંજીવી રહેશે. સદગતને શ્રધ્ધાસુમન સમર્પિત કરીએ છીએ.

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહજી શ્રધ્ધાસુમન અર્પણ કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભારત દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ એક ઉમદા રાજનેતા, સોમ્ય, મૃદુ અને પ્રમાણિક પ્રેરણાદાયી વ્યક્તિત્વ ગુમાવ્યું છે. મુખ્ય આર્થિક સલાહકાર, નાણાં સચિવ, આર.બી.આઈ. ગવર્નર, નાણાં પ્રધાન અને ત્યારબાદ ભારતના વડાપ્રધાન તરીકે આદરણીય ડૉ. મનમોહનસિંહજીએ દેશની ઉમદા સેવા કરી હતી. ગ્રામિણ રોજગાર, આદિજાતિના અધિકારો, અનુ.જનજાતિના અધિકારો, જમીન સંપાદન, પરમાણું કરાર સહિતના સીમાચિહ્નરૂપ કાર્યોએ ભારતને વૈશ્વિક દરજ્જે અગ્રેસર હતું. દેશના ઈતિહાસમાં સૌથી વધુ જી.ડી.પી. વૃધ્ધી

તેમના કાર્યકાળમાં જોવા મળી હતી. ડૉ. મનમોહનસિંહજીએ અદ્વિતીય અને વિશિષ્ટ રીતે ઈતિહાસ પર પોતાની અમીટ છોડી છે. પરમ કૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહજી શ્રધ્ધાસુમન અર્પણ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ડૉ. મનમોહનસિંહજી વિશ્વ પ્રસિધ્ધ અર્થશાસ્ત્રી સાથે સજ્જન વ્યક્તિત્વ ધરાવતા હતા. જેમણે કોઈના પ્રત્યે કોઈ અણગમો કે દ્વેષ રાખ્યો ન હતો. તેઓ મુશ્કીલ સંજોગોમાં પણ હંમેશા સંવાદ અને સર્વસંમત્તિની રાજનીતિમાં માનતા હતા તેમના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમ્યાન મંત્રી તરીકે કામ કરવાની મને તક મળી હતી, તેમને શોકાંજલી પાઠવું છું.

રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી સુરેશભાઈ મહેતા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, સાંસદશ્રી ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરી, શ્રી ઈમરાન ખેડાવાલા, શ્રી ગ્યાસુદ્દીન શેખ, પૂર્વ નાણામંત્રીશ્રી જયનારાયણ વ્યાસ, પૂર્વ સાંસદ ડૉ. અમી યાજ્ઞિક, એ.આઈ.સી.સી. મંત્રીશ્રી સોનલબેન પટેલ, શ્રી નિલેશ પટેલ, શ્રી ઋત્વિક મકવાણા, અમદાવાદ શહેર પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, અમદાવાદ મ્યુનિ. કોર્પો. વિપક્ષ નેતાશ્રી શહેઝાદખાન પઠાણ ઉપસ્થિત રહ્યાં હતાં. મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ પ્રાર્થનાસભાનું સંચાલન કર્યું હતું.

ભારતના ઈતિહાસમાં સૌથી ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાન આદરણીય ડૉ. મનમોહનસિંહજીના નિધન નિમિત્તે આયોજીત પ્રાર્થના સભામાં નિલકંઠ મહાદેવ મંદિરના સંતશ્રી મનોજગીરી મહારાજ અને સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ શાંતિ પાઠ કર્યો હતો, જૈન ધર્મના સુશિષ્યા સા.શ્રી પુનિતકલાશ્રીજી મ.સા., બૌધ્ધ ધર્મ ગુરૂશ્રામણેર રટ્ટપાલ-બાપુનગર, શ્રી ભીખુતપથિ શ્રેષ્ઠી-સુરેન્દ્રનગર-મહાબૌધિમઠ, મુસ્લિમ ધર્મગુરુ મુક્તિ અલી સાહેબ, ખ્રિસ્તી ધર્મના-રેવરન્ટ-ડૉ. હેમંત પરમાર, બિશપ રત્નાસ્વામી, શીખ ધર્મ ગુરુ- જ્ઞાનિ હરપ્રિતસિંહ-મણિનગર ગુરુદ્વારાએ પ્રાર્થના કરી હતી.

(હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ